# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-12-2024 Midday : 1.20 to 1.30

Day : Tuesday National News

આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નીતિ આયોગની બજેટ પૂર્વની બેઠકમાં દેશના અર્થશાસ્રીઓ સાથે બેઠકમાં ભાગ લીધો
2) પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશના ખજૂરાહોમાં વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે
3) કેન્દ્રીયમંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ અટલ બિહારી વાજપેયીની 100મી જયંતીની ઉજવણી માટે વડનગરમાં 'સુશાસન પદયાત્રા' યોજી
4) યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ આસમ – ULFAને ગેરકાયદેસર સંગઠન જાહેર કરવાના કારણ ચકાસવા ટ્રિબ્યુનલની રચના કરાઇ
5) વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્માર્ટફોનની નિકાસ એક લાખ કરોડ રૂપિયાને પાર
6) મહિલા ક્રિકેટમાં આજે વડોદરા ખાતે વેસ્ટ ઈન્ડિઝ સાંમેની બીજી એક દિવસીય મેચમાં ભારતે ટોસ જીતી બેટીંગ પસંદ કરી.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM BUDGET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી ખાતે નીતિ આયોગની બેઠકમાં હાજરી આપી હતી. આગામી બજેટ પૂર્વની બેઠક યોજાઇ હતી. જેમાં દેશના અર્થશાસ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કેન્દ્રીય નાણામત્રી નિર્મલા સિતારમણની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં પ્રધાનમંત્રીએ વિવિધ આર્થિક મુદ્દાઓ અંગે અર્થશાસ્ત્રીઓ સાથે ચર્ચા કરી હતી.

## PM - MADHYA PRADESH

પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશની મુલાકાત લેશે. તેઓ ખજુરાહોમાં અનેકવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી કેન-બેતવા નદીને જોડતી રાષ્ટ્રીય પરિયોજનાનો શિલાન્યાસ કરશે, જે રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્ય યોજના હેઠળ દેશની પ્રથમ ઇન્ટરલિંકિંગ ઓફ નદીઓ પ્રોજેક્ટ છે.

આ પ્રોજેક્ટ મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના વિવિધ જિલ્લાઓમાં સિંચાઈની સુવિધા પૂરી પાડશે અને લાખો ખેડૂત પરિવારોને ફાયદો થશે. આ પ્રોજેક્ટ વિસ્તારના લોકોને પીવાના પાણીની સુવિધા પણ પૂરી પાડશે. પ્રધાનમંત્રી મોદી અટલ બિહારી વાજપેયીની 100મી જન્મજયંતિ નિમિત્તે એક સ્મારક ટિકિટ અને સિક્કો પણ પ્રસિધ્ધ કરશે.. તેઓ એક હજાર 153 અટલ ગ્રામ સુશાસન ઈમારતોનો શિલાન્યાસ પણ કરશે. આ ઇમારતો ગ્રામ પંચાયતોના કાર્ય અને જવાબદારીઓને લગતી બાબતોમાં મહત્વની ભૂમિકા ભજવશે.

## GUJARAT-MANDAVIYA

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અટલ બિહારી વાજપેયીની 100મી જયંતીની ઉજવણી માટે વડનગરમાં 'સુશાસન પદયાત્રા' યોજી હતી.. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતનમાં ઉજવણીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત થયા હતા. વડનગરના તાનારીરી મેદાન ખાતેથી માય ભારત સુશાસન દિવસ પદયાત્રા યોજાઈ

હતી. આ પદયાત્રામાં સાત કિલોમીટર નીહતી. જેમાં શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ મોડવીયા તેમજ  ખેલ રાજયમંત્રી રક્ષા ખડસે અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ, હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય બંધારણની 75મી વર્ષગાંઠની એક વર્ષ સુધી ચાલનારી ઉજવણીના ભાગરૂપે યોજાયેલી. આ પદયાત્રામાં સ્થાનિક યુનિવર્સિટીઓ, કોલેજો, એનજીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના 15,000થી વધુ MY Bharat યુવા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

# VAISHNAW - SMARTPHONE

ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં સ્માર્ટફોનનું નિકાસ મૂલ્ય એક લાખ કરોડ રૂપિયાને વટાવી ગયું છે.

શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે પ્રોડક્શન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) સ્કીમને કારણે દેશમાં સ્માર્ટફોનની નિકાસમાં ગયા વર્ષની સરખામણીમાં 45 ટકાનો વધારો થયો છે. તેમણે કહ્યું કે સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં સ્માર્ટફોનની નિકાસ વધારીને એક લાખ 70 હજાર કરોડ રૂપિયા સુધી પહોંચાડવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. સ્માર્ટફોન સેક્ટરમાં PLI યોજનાએ ત્રણ લાખથી વધુ પ્રત્યક્ષ અને છ લાખ પરોક્ષ નોકરીઓનું સર્જન કર્યું છે.

# CENTER-ULFA

યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ અસમ – ULFAને ગેરકાયદેસર સંગઠન તરીકે જાહેર કરવા માટે પૂરતું કારણ છે કે કેમ તે નક્કી કરવા માટે કેન્દ્ર સરકારે ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ ટ્રિબ્યુનલની રચના કરી છે.

ટ્રિબ્યુનલ તેના જૂથો, પાંખો અને આગળના સંગઠનોની પણ તપાસ કરશે. ટ્રિબ્યુનલનું નેતૃત્વ ગૌહાટી હાઈકોર્ટના જસ્ટિસ માઈકલ જોથન ખુમા કરશે. અગાઉ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ઉલ્ફા પરનો પ્રતિબંધ પાંચ વર્ષ માટે લંબાવ્યો હતો.

## REPUBLIC DAY- TABLEAUX

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે કે 'સ્વર્ણિમ ભારત વિરાસત ઔર વિકાસ' પ્રજાસત્તાક દિવસ 2025 માટે ઝાંખીની વિષય વસ્તુ હશે. આ ઉપરાંત પરેડ દરમિયાન કર્તવ્યપથ પર તેમની ઝાંખીઓ દર્શાવવા માટે 15 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પસંદગી કરવામાં આવી છે.

આ રાજ્યોમાં આંધ્ર પ્રદેશ, બિહાર, ચંદીગઢ, દાદરા નગર હવેલી અને દમણ અનેદીવ, ગોવા, ગુજરાત, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક અને અન્યનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, 11 મંત્રાલયો અને કેન્દ્ર સરકારના વિભાગને પણ ગણતંત્ર દિવસ 2025 માટે પસંદ કરવામાં આવ્યા છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## MAHA- BENEGAL CONDOLENCES

પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા શ્યામ બેનેગલનું ગઈકાલે 90 વર્ષની વયે ક્રોનિક કિડની રોગ સાથે લાંબી લડાઈ બાદ મુંબઈમાં અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર આજે બપોરે 2 વાગ્યે મુંબઈના શિવાજી પાર્ક ખાતે કરવામાં આવશે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી.રાધાક્રિશ્નને શ્યામ બેનેગલના નિધન પર ગહન દુ:ખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમણે સમાંતર સિનેમામાં તેમના અગ્રણી યોગદાન દ્વારા સિનેમાની દુનિયા પર અમીટ છાપ છોડી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શ્યામ બેનેગલના નિધન પર શોક વ્યક્ત કરતાં કહ્યું કે ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં શ્યામ બેનેગલનું અમૂલ્ય યોગદાન અને તેની ભવ્યતાને ક્યારેય ભૂલી શકાશે નહીં.

## IMD-FORECASTING .

છેલ્લા દસ વર્ષમાં હવામાન વિભાગની આગાહીની ચોકસાઈમાં 40થી 50 ટકાનો વધારો થયો છે. હવામાન વિભાગના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, મુશળધાર વરસાદની ચોકસાઈ પણ 60 ટકાથી વધીને ૪0 ટકા થઈ ગઈ છે.

હવામાન વિભાગના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ પર પ્રકાશ પાડતા શ્રી મહાપાત્રાએ જણાવ્યું હતું કે હવામાન એજન્સીના પ્રારંભિક તબક્કામાં વિભાગ પાસે ૪0 અવલોકન મથકો હતા, પરંતુ આજે 39 સ્થળોએ 550 વિભાગીય પ્રયોગશાળાઓ, બે હજાર ઓટોમેટિક વેધર સ્ટેશન અને ડોપ્લર રડાર છે.

તેમણે એમ પણ કહ્યું કે વર્ષ 2026 સુધીમાં 34 વધુ રડાર સ્થાપિત કરવામાં આવશે. શ્રી મહાપાત્રાએ જણાવ્યું હતું કે આ અવલોકનલક્ષી વૃદ્ધિ આગામી 5 વર્ષમાં હવામાનની આગાહીની ચોકસાઈમાં 10 થી 15 ટકાનો વધારો કરશે.

(બાઇટ- મૃત્યુંજય મહાપાત્રા, હવામાન વિભાગના મહાનિર્દેશક)

## FRANCE - NEW GOVT

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને અગાઉની કેબિનેટના પતન પછી નવી સરકારની જાહેરાત કરી હતી. પૂર્વ પ્રધાનમંત્રી એલિઝાબેથ બોર્નને શિક્ષણ મંત્રી

બનાવવામાં આવ્યા છે. વિદેશમંત્રી જીન-નોએલ બેરોટ અને સંરક્ષણમંત્રી સેબેસ્ટિયન લેકોર્નુના મુખ્ય હોદ્દા યથાવત છે.

પ્રધાનમંત્રી ફ્રાન્કો ઇસબાયરોએ ગઈકાલે કેબિનેટની બેઠક યોજી હતી જેમાં 2025 નું બજેટ પસાર કરવા અને મહિનાઓની રાજકીય મડાગાંઠ પછી વધતા રાષ્ટ્રીય દેવા વિશે ચર્ચા કરી હતી.

## WOMEN'S CRICKET

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ત્રણ મેચની ICC ચેમ્પિયનશિપ મહિલા ક્રિકેટ શ્રેણીની બીજી એક દિવસીય મેચમાં ભારતે ટોસ જીતીને બેટીંગ પસંદ કરી છે. આ મેચ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાઇ રહી છે. આ અગાઉ રવિવારે આ જ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ મેચમાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને 211 રનથી હરાવ્યું હતું.

અગાઉ ભારતીય ટીમે  આંતરરાષ્ટ્રીય T-20 શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝ સામે 2-1થી જીત નોંધાવી હતી. હરમનપ્રીત કૌરની ગેરહાજરીમાં સ્મૃતિ મંધાનાના નેતૃત્વમાં ભારતીય ટીમે આંતરરાષ્ટ્રીય ટી-ટ્વેન્ટી શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. મંધાનાએ સતત ત્રણ અડધી સદી ફટકારી હતી અને દ્વિપક્ષીય T20 શ્રેણીમાં ભારતીય મહિલા દ્વારા સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો.

## WEIGHT LIFTING

વેઈટલિફ્ટિંગમાં ભારતના સાઈરાજ પરદેશીએ ગઈકાલે દોહા, કતારમાં એશિયન યુથ અને જુનિયર વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં સ્નેચ, ક્લીન અને જર્ક અને કુલ લિફ્ટ કેટેગરીમાં એક સુવર્ણ  અને બે રજત ચંદ્રક મેળવ્યા હતા. તેણે 81 કિલોગ્રામ પુરુષ ટાઇટલ જીતીને પોતાના યુવા રાષ્ટ્રીય રેકોર્ડને બહેતર બનાવ્યો. સાઈરાજે 310 કિલોગ્રામની ઓવરઓલ લિફ્ટ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો અને રાષ્ટ્રીય યુવા રેકોર્ડ બનાવ્યો.